| કેસ નંબર | રજુ તારીખ | દાખલ તારીખ | નિકાલ તારીખ | અવધિ વર્ષ–માસ–દિવસ |
|---|---|---|---|---|
| ક્રિમિનલ કેસ નં. ૧૯૭૨/૨૦૨૫ | ૪–૪–૨૦૨૪ | ૪–૪–૨૦૨૪ | ૩૦–૭–૨૦૨૬ | |

આંક–

FORM–A

મે.રાજકોટના જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ, ફ.ક.મ્યુનિસીપલ, શ્રી(કમલેશકુમાર રમેશભાઇ ગાગનાણી) સાહેબની કોર્ટમાં,

(ચૂકાદા તારીખ: ૩૦–૭–૨૦૨૬ )

<u>ફોજદારી કેસ નં. ૬૮૦૩/૨૦૨૪</u>

(પ્રદ્યુમન નગર) પો.સ્ટે.ફ.ગુ.ર.નં.૧૧૨૦૮૦૪૪૨૪૦૧૪૩/૨૦૨૪ )

<u>ફરિયાદી:</u> શ્રી સરકાર

ફરિયાદ પક્ષ તરફે વિધ્વાન એ.પી.પી.શ્રી આર.એન.ગોસાઇ

<u>આરોપીઓ:</u> (૧)આદીલ ઉર્ફે તપેલી ઉર્ફે સુલતાન સ/ઓ મહેબુબભાઇ મલેક રહે.મેચ ફેક્ટરી પાછળ મોતી તળાવ રોડ, અલ્કા ટોકીઝ પાસે, કુંભારવાડા જી.ભાવનગર

(૨)સોહીલ ઉર્ફે નન્નો સ/ઓ હનીફભાઇ ઇશાભાઇ કળદોરીયા રહે. રામજી મંદીર પાસે, ૧૪– નળા ઘોઘા રોડ, જી.ભાવનગર

આરોપીઓ તરફે વિધ્વાન વકીલ ------

## FORM-B

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૧૮-૨-૨૦૨૪ |
| એફ.આઈ.આર.ની તારીખ | ૧૯-૨-૨૦૨૪ |
| ચાર્જશીટની તારીખ | ૧૯-૨-૨૦૨૪ |
| પ્લી/તહોમતનામું ઘડયાની તારીખ | -------- |
| પુરાવાની શરુઆતની તારીખ | ૨૧-૦૫-૨૦૨૬ |
| ચુકાદા માટે અનામત રાખ્યાની તારીખ | ૦૧-૦૭-૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૩૦-૦૭-૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ, જો કોઈ હોય તો. | ---- |

-:આરોપીઓની વિગત:-

| આરોપી નં. | આરોપીઓનું નામ | ધરપકડની તારીખ | જામીન મુકિતની તારીખ | તહોમત | શું નિર્દોષ છોડયા/સજા કરી | કરવામાં આવેલ સજા | Cr.P.C. કલમ ૪૨૮ ના હેતુ માટે ટ્રાયલ દરમ્યાન અટકાયતનો સમય ગાળો |
|---|---|---|---|---|---|---|---|
| ૧ થી ૨ | (૧)આદીલ ઉર્ફે તપેલી ઉર્ફે સુલતાન સ/ઓ મહેબુબભાઇ મલેક<br>(૨)સોહીલ ઉર્ફે નન્નો સ/ઓ હનીફભાઇ | | | ગુનો- ઇ.પી. કોડની કલમ- ૩૮૦, ૪૫૪, ૪૫૭, ૧૧૪ | | -- | -- |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | ઇશાભાઇ કળદોરીયા | | | | | | |

FORM-C

:-ફરીયાદી/બચાવપક્ષ/કોર્ટના સાક્ષીઓની યાદી-:

(એ). ફરીયાદ પક્ષ.

| અનું.નં. | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| PW-1 | આંક-૨૭ દિપકભાઇ નારણભાઇ ચાવડાની જુબાની | ફરીયાદી |
| PW-2 | આંક-૨૯ પરેશભાઇ નારણભાઇ ચાવડાની જુબાની | |

(બી). બચાવ પક્ષ.

| અનું.નં. | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| DW-1 | કોઈ સાહેદ તપાસેલ નથી. | |

(સી).અદાલત દ્વારા.

| અનું.નં. | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| CW-1 | કોઈ સાહેદ તપાસેલ નથી. | ---- |

:-ફરીયાદી/બચાવપક્ષ/કોર્ટના આંકની સુચી-:

(એ). ફરીયાદ પક્ષ.

| અનું.નં. | આંક નંબર | વિગત |
|---|---|---|
| ૧ | ૨૮ | ફરીયાદ |

(બી). બચાવ પક્ષ દ્વારા કોઈ પુરાવો રજૂ કરવામાં આવેલ નથી.

(સી). અદાલત દ્વારા બીજા કોઈ પુરાવા નોંધવામાં આવેલ નથી.

(ડી). ભૌતિક પદાર્થ કબ્જે કરવામાં આવેલ નથી.

-ચુકાદો-

(૧) ફરીયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત છે કે, આ કામના ફરીયાદી તથા ફરીયાદીના ભાઈ પરેશભાઈના મકાને ગઈ તા.૧૮/૦૨/૨૪ ના કલાક ૧૫.૩૦ થી કલાક ૨૩.૦૦ દરમ્યાન આરોપીઓએ ગેરકાયદેસર પ્રવેશ કરી ફરીયાદીના તથા તેના ભાઈના ઘરના દરવાજાના તાળા તોળી આ કામના આરોપીઓએ ઘરની અંદર પ્રવેશી ઘરના કબાટમાં રાખેલા સોના ચાંદીના ઘરેણા કુલ કિં.૨,૭૩,૦૦૦/- ની તથા રોકડ રકમ રૂ.૮૦,૦૦૦/- એમ બધાની કુલ કિમત મળી રૂ.૩,૫૩,૦૦૦/- ની ચોરી કરેલાના ફરીયાદ ફરીયાદીએ પ્રધુમન નગર પોલીસ સ્ટેશનમાં તા. ૧૮/૦૨/૨૦૨૪ ના રોજ આપતા, તે પ્રધુમન નગર પોલીસે ગુ.ર.નં.૧૧૨૦૮૦૪૪૨૪૦૧૪૩/ ૨૦૨૪ થી રજીસ્ટરે લઈ, તપાસના અંતે પોલીસે આરોપીઓ વિરુદ્ધ આઇ.પી.સી. કલમ- ૩૮૦,૪૫૪,૪૫૭,૧૧૪ મુજબના ગુનાનું ચાર્જશીટ તપાસ કરનાર અમલદારે નામદાર કોર્ટમા દાખલ કરેલ છે.

(૨) આ કામના આરોપીઓ ઘણા લાંબા સમયથી સમન્સ/વોરંટ બજી નહીં આવતા હોય, આરોપીઓ મળી આવતા ન હોય, લાંબા સમયથી હાજર રહેતા ન હોય અને અદાલતે આરોપીઓને હાજર રખાવવા પુરતા પ્રયત્ન કરેલ છે. જેથી આરોપીઓ સામે જે પુરાવો રજુ થઇ શકે તેમ છે. તે આરોપીઓની ગેરહાજરીમાં નોંધવો અને તેવા પુરાવાને રક્ષિત કરવો તે કેસના સંજોગો જોતા ઉચિત જણાયેલ હોય ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૯૯ ની જોગવાઈ / ધ્યાને લઈ તથા તે સાથે નામ.ગુજરાત હાઈકોર્ટના પરિપત્ર નં.સી.૨૬૧૮/૨૦૧૬ ને વંચાણે લેતા કેસમાં ઉપસ્થિત પુરાવો વંચાણે લેવાનું ઉચિત અને ન્યાયી જણાંતા આરોપીઓની ગેરહાજરીમાં તેવો પુરાવો વંચાણે લેવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) કેસના ન્યાયીક નીર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

૧. શુ ફરીયાદપક્ષ નિશંકપણે પુરવાર કરે છે કે,આ કામના ફરીયાદી તથા ફરીયાદીના ભાઈ પરેશભાઇના મકાને ગઇ તા.૧૮/૦૨/૨૪ ના કલાક ૧૫.૩૦ થી કલાક ૨૩.૦૦ દરમ્યાન આરોપીઓએ ગેરકાયદેસર પ્રવેશ કરી ફરીયાદીના તથા તેના ભાઈના ઘરના દરવાજાના તાળા તોળી આ કામના આરોપીઓએ ઘરની અંદર પ્રવેશી ઘરના કબાટમાં રાખેલા સોના ચાંદીના ઘરેણા કુલ કિં.૨,૭૩,૦૦૦/- ની તથા રોકડ રકમ રૂ.૮૦,૦૦૦/- એમ બધાની કુલ કિમત મળી રૂ.૩,૫૩,૦૦૦/- ની ચોરી કરી, આઇ.પી.સી ની કલમ-૩૮૦,૪૫૪,૪૫૭,૧૧૪ મુજબનો સજાને પાત્ર ગુનો કરેલ છે?

૨. શું હુકમ ?

(૪) ઉપરોકત મુદ્દાના મારા નિર્ણય નીચે મુજબ છે.

૧. નકારમાં.

૨. આખરી હુકમ મુજબ

<u>-કારણો-</u>

//નિર્ણય અંગેના કારણો//

<u>મુદ્દા નં.૧-</u>

(૫) આ કામે ફરીયાદપક્ષે ફરીયાદી દિપકભાઈ નારણભાઈ ચાવડાને આંક -૨૭ થી તપાસેલા છે અને તેઓની જુબાનીમાં આંક-૨૮ થી ફરીયાદ રજુ થયેલ છે. ફરીયાદીએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે કહેવાતો બનાવ આજથી આશરે પંદર સોળ વર્ષ પહેલાં બનેલો. બનાવનાં દિવસે બપોરનાં સમયે હું તથા મારી પત્નિ તથા મારો દિકરો તથા મારો નાનો ભાઈ વિગેરે મારા બહેન મંજુની દિકરીનાં લગ્ન હોવાથી આહિર સમાજની

વાડીએ ગયેલ અને ત્યારે દરવાજામાં તાળા મારી આંકળીયો લગાડીને પ્રસંગમાં જવા નિકળેલા અને પ્રસંગ પુરો કરી રાત્રીનાં ઘરે આવેલા ત્યારે આંકળીયો ખુલ્લો હોય અને ફળીયામાં પ્રવેશ કરતા દરવાજો ખુલ્લો હતો અને નકુચો વળી ગયેલો હતો અને બાદમાં રૂમમાં જતાં રૂમનો દરવાજો ખુલ્લો હતો અને સામાન વેરવીખેર હતો અને લોંખડનો દરવાજો ખુલેલ હાલતમાં હતો અને તેમાં જોતાં તિજોરીમાં મારી પત્નિએ રાખેલ સોનાનો પોચો ૨૫ ગ્રામનો તથા સોનાની બુટી જોડી– ૧ તથા ચાંદીનો કંદોરો તથા ચાંદીનો જુડો તથા ચાંદીના સાકળા તથા મેડીકલ હીસાબના રાખેલ રોકડા આશરે પચ્ચોતેર થી એશી હજાર રૂપિયા તથા મારા નાના ભાઈના ઘરમાં તપાસ કરતા તેનો પણ દરવાજો તુટેલો હતો અને તેના ઘરની અંદર પ્રવેશ કરી તેના કબાટમાં જોતાં તેના પણ કબાટની તીજોરી તુટીલી હાલતમાં હતી જેમાં મારા ભાઈની પત્નિએ રાખેલ સોનાનો પંચો ૨૫ ગ્રામનો તથા સોનાની બુટી જોડી– ૧ ચાંદીનો પંજો તથા ચાંદીની જાંજરી તથા પગમાં પહેરવાના ચાંદીના જાજરા તથા કંદોરો પણ મળી આવેલ નહીં આથી અમારા મકાનમાં કોઈ ઈસમ પ્રવેશ કરી દરવાજા ના તાળા તોડી આ દાગીના તથા રોકડ રૂપિયા ચોરી કરી લઈ ગયેલ હોય તે બનાવની મેં ફરીયાદ આપેલી આ ચોરીમાં ગયેલ દાગીના મને તથા મારા ભાઈને પરત મળી ગયેલ છે. જેથી હું મારી રાજીખુશીથી આ કેસ આગળ ચલાવવા માંગતો નથી કે વિશેષ સાક્ષીઓ તપાસવા માંગતો નથી. આ કામે હાલના કેસની કાર્યવાહી ક્રિ.પ્રો.કોડની કલમ–૨૯૯ મુજબ કરેલ હોય ઉલટતપાસ નથી.

આ કામે ફરીયાદપક્ષે સાહેદ પરેશભાઈ નારણભાઈ ચાવડાને આંક –૨૯ થી તપાસેલા છે અને તેઓ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે કહેવાતો બનાવ આજથી આશરે પંદર સોળ વર્ષ પહેલાં બનેલો. બનાવનાં દિવસે બપોરનાં સમયે હું તથા મારી પત્નિ તથા મારો

દિકરો ખોડીયાર પરા મારી બહેનની દિકરીનાં લગ્ન હોવાથી જેથી ત્યાં ગયેલા હતા અને રાત્રીના પ્રસંગ પુરો કરી રાત્રીનાં ઘરે આવેલા ત્યારે અમારા ઘરના નકુચા તુટેલી હાલતમાં હતા અને મારા ઘરની બાજુમાં મારા ભાઈ દિપક ચાવડા રહે છે તેના પણ ઘરના નકુચા તુટેલા હતા જેથી અમોએ અમારા ઘરમાં તપાસ કરતાં સામાન વેરવીખેર હતો અને કબાટની તીજોરીના તાળા તુટેલા હતા જેથી મેં તથા મારી પત્નિએ અમારા ઘરના દાગીના જેમાં સોનાનો પંચો તથા સોનાની બુટી તથા ચાંદીનો ઝુડો તથા એક જોડી ચાંદીની જાંજરી તથા પગમાં પહેરવાના ચાંદીના છડા તથા ચાંદીનો કંદોરો જોવામાં આવેલ નહીં તેમજ વધુ સરતપાસમાં બનાવની ફરીયાદ તેમના ભાઈ દિપકે આપેલી. આ ચોરીમાં ગયેલ દાગીના મને તથા મારા ભાઈને પરત મળી ગયેલ છે. જેથી હું મારી રાજીખુશીથી આ કેસ આગળ ચલાવવા માંગતો નથી કે વિશેષ સાક્ષીઓ તપાસવા માંગતો નથી. આ કામે હાલના કેસની કાર્યવાહી ક્રિ.પ્રો.કોડની કલમ–૨૯૯ મુજબ કરેલ હોય ઉલટતપાસ નથી.

(૬) આ કામે રજુ થયેલ સમગ્ર પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવતા ફરીયાદી તથા સાહેદે તેમની સરતપાસમાં સ્પષ્ટ જણાવેલ છે કે, આ ચોરીમાં ગયેલ દાગીના અમોને પરત મળી ગયેલ છે. જેથી અમો અમારી રાજીખુશીથી આ કેસ આગળ ચલાવવા માંગતા નથી કે વિશેષ સાક્ષીઓ તપાસવા માંગતા નથી. જેથી સદર કામે વધુ સાહેદોને તપાસવા કે રજુ થયેલ પુરાવાની વિશેષ ચર્ચા કરવી અત્રે આવશ્યક જણાતી નથી. આ કામે રજુ થયેલ પુરાવો જોતા ફરિયાદી અને તેના ભાઈના મકાનમાંથી મુદામાલની ચોરી થયેલ છે તેટલી હકીકત પ્રસ્થાપિત થાય છે એટલું જ નહિં કહેવાતો મુદામાલ આરોપીઓના કબ્જામાંથી મળ્યો છે કે આરોપીઓએ ચોરી કરેલ છે તેવું પુરવાર કરવા માટે સીધો કે સાંયોગિક કોઈ પણ પુરાવો રેકર્ડ પર આવેલ નથી. જયાં સુધી કહેવાતો

મુદામાલ આરોપીઓના કબ્જામાંથી મળી આવેલ છે તેવું પુરવાર ન થાય ત્યાં સુધી અદાલત માત્ર ફરીયાદી કે સાહેદોના પુરાવા પર આધાર રાખીને સજા કરી શકે નહિં. તેમજ આ કામના આરોપીઓ હાજર રહેતા ન હોય તેમજ રેકર્ડ ઉપર આવેલ પુરાવો જોતાં આરોપીઓએ હાલનો ગુનો આચરેલાનો પુરાવો રેકર્ડ પર આવેલ ન હોય ત્યારે આરોપીઓની હાજરીની કોઈ જરૂરિયાત જણાતી ન હોય,આરોપીઓ વિરુધ્ધ કાઢેલ એન.બી.ડબલ્યુ. રદ કરી, સી. આર. પી. સી. કલમ–૩૫૩(૬) મુજબ આરોપીઓની ગેરહાજરીમાં સદર ઠરાવ જાહેર કરવાનું મુનાસીબ માની મુદા નં.૧ નો જવાબ નકારમાં ઠરાવી મુદા નં.ર તથા કેસના આખરી નીકાલ સારુ નીચે મુજબનો હુકમ ફરમાવું છું.

**:: હુકમ ::**

(૧) આ કામના આરોપીઓને ધી ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ –૨૪૮(૧) મુજબ આઇ.પી.સી કલમ – ૩૮૦, ૪૫૪, ૪૫૭, ૧૧૪ મુજબ ના ગુનામા નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામા આવે છે.

(ર) મુદામાલ પાવતી નં.૬૮/૨૦૨૪ તા.૨૧.૨.૨૦૨૪ અન્વયે જે સોના–ચાંદી વગેરેનો મુદામાલ કબ્જે લેવામાં આવેલ છે. તે તમામ મુદામાલ અંગે જો કોઇ વચગાળાનો હુકમ થયેલ હોય તો તે આથી કાયમ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આ કામના પ્રત્યકે આરોપીએ અપીલ સમય પીરીયડ સુધીના રૂ.૧૦,૦૦૦/–(અંકે રૂા.દશ હજાર પુરા) ના જામીન રજુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા.૩૦–૭–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૩૦–૭–૨૦૨૬ (કમલેશકુમાર રમેશભાઇ ગાગનાણી)
રાજકોટ કોડ નં.જીજે.૦૧૬૮૭

જયડી. મેજી. ફ. ક. (મ્યુનિ.)
રાજકોટ